**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૦૫/૨૦૧૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૫ લીટર દેશી દારૂ અને ૪૯ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૦૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૦૮/૧૬**

આનંદનગર : પ્રદિપભાઇ કાશીનાથ મરૂડકર (રહે.કૃષ્ણધામ ઔડાનાં મકાનમાં, વેજલપુર) એ તા.૩૦/૫/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૫/૧૬ સાંજના ૬/૦૦ થી તા.૧૯/૫/૧૬ રાતનાં ૯/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન વેજલપુર જીવરાજપાર્ક મલાવ તળાવ નજીકથી પ્રદિપભાઇની ભાણી સ્ટેફી ડો/ઓ ગૌતમભાઇ વાઘેલા (ઉ.વ.૧૪) ને ઘર નજીક રહેતો આરોપી કમલેશ ઉર્ફે ગજની કનોજીયા લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પી.બી.રણા ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૦૯/૧૬**

સરદારનગર : સરદારનગર વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષની પરણીતાએ તા.૩૦/૫/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૫/૧૬ થી એકાદ વર્ષ અગાઉથી આજ દીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અનીલ રણછોડભાઇ મકવાણાએ પરણીતા સાથે પ્રેમસબંધ બાંધી, મંદિરમાં ફુલહાર કરી, પરણીતા સાથે અવાર-નવાર શરીર સબંધ બાંધી, પરણીતાને ગર્ભ રહી જતાં તેને માર મારી કાઢી મુકી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૦/૧૬**

નવરંગપુરા : મીલીંદભાઇ એકનાથભાઇ શીંદે (રહે.ઓર્વીડ ગ્રીન એપલ વુડ, બોપલ) એ તા.૩૦/૫/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જુલાઇ/૨૦૧૫ થી માર્ચ/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી રાજકુમાર શર્મા (રહે.ગઢ ખઇતઇ રોડ, સીટી કોમ્પ્લેક્ષ, ટીટાગઢ, કલકત્તા) એ નવરંગપુરા વ્રજભુમી કોમ્પલેક્ષમાં આવેલ અક્ષય સપ્લાય ચંદન પ્રા.લી. નામની મીલીંદભાઇની  કંપની સાથે કલકત્તા ખાતે માલ ટ્રાન્સફટેશન અંગેનો કરાર કરી, બજરંગબલી મારબલ પાસેથી ૯૨,૮૧૦/- તેમજ જી.ફેન્ડીગ પાસેથી રૂપિયા ૭૪,૦૦૦/-, ગ્રેટીસ ટાઇલ્સ કંપની અને ઓમેગા ઇન્ડસ્ટ્રીઝ પાસેથી રૂપિયા ૨,૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭,૭૬,૮૧૦/- મેળવી લઇ, કોઇપણ રકમ મીલીંદભાઇની કંપનીને નહીં ચુકવી કંપની સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ગૌસ્વામી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૧/૧૬**

**સાબરમતી** : સંજયભાઇ  શેરસિંગ મીણા (રહે.ન્યુ રેલવે કોલોની, રેલવે દવાખાનાની સામે, સાબરમતી) એ તા.૩૦/૫/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૫/૧૬ ના કલાક ૬/૦૦ થી તા.૩૦/૫/૧૬ નાં કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ  ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી બત્રીસ બોરની પિસ્તોલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/-, કારતૂસ નંગ-૩૮ કિંમત રૂપિયા૧૪,૭૫૦/-, સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, તાંબા અને ચાંદીનાં સિકકા કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/-  મળી કુલ રૂપિયા ૧,૩૯,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૨/૧૬**

**એલીસબ્રીજ** : કોમલબહેન ડૉ\ઓ દિનેશભાઇ સોલંકી (ઉ.વ.૧૭)(રહે.આંબેડકર કોલોની, એલીસબ્રીજ) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૦/૫/૧૬ નાં કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુર્તુજાખાન હુસૈનખાન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)